
## જન્મદિને વધામણી



મુનીન્દ્ર આર જોષી
નિવૃત્ત પ્રિન્સિપાલ
સિધ્ધાર્થ લૉ કોલેજ, ગાંધીનગર
મો. ૯૮૨૪૩ ૯૮૭૧૭



મિતાલી સાત્વિક ત્રિવેદી
જેસીઆઈ, ગાંધીનગર



સ્મૃતિબેન સંજયભાઈ ચુડાસમા
મો. ૯૮૯૮૦ ૭૦૬૬૫



નિસર્ગ દર્પણ બુચ
મો. ૭૮૭૪૪ ૦૭૩૫૬



અલ્પા આશિષ પુરોહિત



આકાશ પ્રજાપતિ
મો. ૮૧૨૮૮ ૮૩૩૩૮

બીબીએ કૉલેજ દ્વારા

# બે મહાનુભાવોના જીવન ચરિત્ર અંગે વ્યાખ્યાનનું આયોજન થયું



## સ્વામી વિવેકાનંદ તથા સ્વ માણેકલાલ પટેલનાં જીવન ચરિત્ર કૉલેજના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યાં

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન કોલેજ દ્વારા એક ગુજરાતના પનોતા પુત્ર તેમજ એક ભારતરત્ન બંનેના સહિયારા પ્રસંગને સાંકળી તેઓના જીવનરિત્ર ઉપર વર્કશોપનું આયોજન કર્યું હતું.

તજજ્ઞ વક્તા રજનીકાંતભાઈ ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને ખુબ સુંદર દ્દષ્ટાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. ડો.જયેશ તન્ના દ્વારા સ્વ માણેકલાલ સાહેબના જીવન ચરીત્રમાંથી યુવાનોને પ્રેરણા મળે તે હેતુથી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને તમામ માહિતી આપવામાં આવી હતી. તેમણે સ્વ. માણેકલાલ પટેલના જીવન ચરીત્રનાં અનેક પાસાઓ જેવાકે શિક્ષણવિદ, સફળ ઉધોગપતિ, દૂરંદેશી નેતૃત્વ, ઉમદા કાર્યશૈલી ,પારદર્શક વહીવટ, ઉચ્ચ અભ્યાસ તેમજ સરકારી અધિકારી તરીકે ની ફરજો, સામાજિક જવાબદારીઓ, સમાજ માટે દાતા તરીકેની તત્પરતા જેવા અનેક ગુણોની તલસ્પર્શી ચર્ચા કરી તમામ વિદ્યાર્થીઓને પોતાનું જીવન ઘડતર કેવી રીતે કરી શકાય તે બાબતે માર્ગદર્શન આપ્યુ.

ધર્મેન્દ્ર રાઠોડે સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું તેમજ વર્કશોપ સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ, ટ્રેનીંગ-પ્લેસમેન્ટ સમિતિના હેડ ડો.જયેશ તન્ના અને ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી.




દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓમાં વાચનની ભૂખ ઉઘડે અને એમની જિજ્ઞાસા વધે તે ઉદ્દેશ સાથે લાઈબ્રેરી વિકનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના પુસ્તકાલયમાં અલગ અલગ વિષયોનાં પાંચ હજારથી વધુ પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉજવણી દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જ વિવિધ ઍક્ટિવિટી ચાર્ટ તથા ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત શાળાનાં ગ્રંથપાલ મનપ્રીતના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર લાઈબ્રેરી વિકની ઉજવણીમાં ભાગ લીધો હતો.

લાઈબ્રેરી વિકનું ઉદ્ઘાટન શાળાનાં ડિરેક્ટર રાની ચૌધરી, પ્રિન્સિપાલ ઈન-ચાર્જ કમલ ચંદ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હેડ મિસ્ટ્રેસ મંજુબેન તથા હેડમાસ્ટર રાકેશ ભગતે લાઈબ્રેરી વિકના આ નવતર પ્રયોગને વધાવ્યો હતો.

# કલ્પતરૂના સભ્યોએ આંગણવાડીનાં બાળકોને આપ્યો માનવતાનો સ્પર્શ




ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની અગ્રણી ઔદ્યોગિક કંપની કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિ. એમના લીડર્સ કમલ જૈન, ડી બી પટેલ, રાજીવ દલેલા અને ઍમ એ બારૈયાના માર્ગદર્શન હેઠળ શહેરમાં ઘણી સેવાકીયા પ્રવૃત્તિઓ ચલાવે છે.

કલ્પતરૂ સ્પર્શના બૅનર હેઠળ સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરે છે, જેનું સંચાલન સાત્ત્વિક ત્રિવેદી કરે છે. મકરસંક્રાંતિએ સ્પર્શના સભ્યો દ્વારા પેથાપુર અને સૅક્ટર-૨૫ની આંગણવાડીમાં પતંગ-દોરી-તલ સાંકળી અને લાડુ વિતરણનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

કલબલાટ કરતાં બાળકો આ મનગમતી ભેટ જોઈને રાજી થઈ ગયાં હતાં. સ્પર્શની આ ટીમમાં સંજય નાયી, સંદીપ શાહ, શત્રુધ્ન પંડ્યા, પર્લીન પટેલ, નૂપુર જૈન, સુધાંશુ જ્હા, જયેન્દ્ર શાહ અને અન્ય સભ્યો જોડાયા હતા. શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પતંગની વહેંચણીથી રોમાંચિત થયાં હતાં, જે એમના ચહેરા પરના સ્મિત પરથી વર્તાઈ આવતું હતું.

સ્પર્શ ટીમ ઠંડીમાં ગરમ કપડાંનું વિતરણ પણ ટૂંક સમયમાં કરી રહી છે. સાત્વિક ત્રિવેદી અને કલ્પતરૂની સમગ્ર ટીમનો માનવતાનો આ સ્પર્શ અભિનંદનીય છે.

# ઓમ લૅન્ડમાર્ક સ્કૂલનો શૈક્ષણિક પ્રવાસ



ગાંધીનગર, તા. ૧૬

વિદ્યાર્થી માટે શાળાના અધ્યાપન કાર્યની સાથે સાથે શૈક્ષણિક પ્રવાસ પણ એક અનિવાર્ય બાબત ગણવામાં આવે છે અને આવા શૈક્ષણિક પ્રવાસથી જ બાળકમાં વિશિષ્ટ જ્ઞાનનો વધારો થાય છે. જેના ભાગરૂપે ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડા દ્વારા ચાલુ સપ્તાહ દરમિયાન ધોરણ-૬થી ૧૦નાં બાળકો માટે ત્રણ દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ દરમિયાન બાળકોએ મુંબઈ દર્શન, ઍસ્સેલ વર્લ્ડ, સરદાર સરોવર ડેમ, પોઈચા સ્વામીનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી.

પ્રવાસ દરમિયાન બાળકોએ પ્રથમ દિવસ મુંબઈમાં ગેટવે ઑફ ઈન્ડિયા, હૉટલ તાજ, મહાલક્ષ્મી મંદિર, હાજીઅલી, સિદ્ધિવિનાયક મંદિર, ચોપાટી, હેંગિંગ ગાર્ડન, નહેરૂ સાયન્સ સૅન્ટર તેમજ ઍસ્સેલ વર્લ્ડની મુલાકાત લીધી હતી. બીજા દિવસે સરદાર સરોવર ડેમ, હાઈડ્રો પાવર પ્રૉજેક્ટની મુલાકાત લઈ પાણી દ્વારા વીજળી કઈ રીતે ઉત્પન્ન થાય છે તે વિષયે જ્ઞાન મેળવ્યું હતું. ત્રીજા દિવસે પોઈચા સ્વામીનારાયણ મંદિર તથા પ્રદર્શનની મુલાકાત લીધી હતી. સમગ્ર પ્રવાસ દરમિયાન તમામ બાળકોએ ઉત્સાહ અને રોમાંચનો અનુભવ કરી આનંદ અને જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

ઘૂંટ્યું તો બહુ હતું
પણ ભૂંસાઈ ગયું
બાળપણ
ન જાણે
કેવા ચૉકથી લખાયેલું હતું!

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ઓકે જાનુ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (ડબ હિન્દી)
૨.૧૦, ૬.૨૦, ૧૦.૩૦
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (ડબ અંગ્રેજી)
૧૨.૦૦, ૪.૧૫, ૮.૨૫

**સ્ક્રીન-૪**
શુભ આરંભ (ગુજરાતી)
૭.૪૫
ગ્રાન્ડ હળી (ગુજરાતી)
૧૨.૧૫
હમીર (ગુજરાતી)
૫.૦૦
હરામખોર
૩.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૫**
ઓકે જાનુ
સવારે ૧૦.૦૦
હરામખોર
૧૨.૩૦
દંગલ
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# જીવન ઘડાય છે સંઘર્ષરૂપી હથોડાના મારથી



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

જીવનમાં સંઘર્ષ હોવો જોઈએ. ઘર્ષણ થવું જોઈએ. મુશ્કેલીઓ આવવી જોઈએ અને આપત્તિઓ દેખાવી જોઈએ. દરેકના જીવનમાં સંઘર્ષ હોય જ છે. સંઘર્ષ વગરના જીવનમાં કોઈ રસ કસ નથી. સંઘર્ષ વિના જીવન શુષ્ક અને બિહામણું લાગે છે. રશિયાના એક મશહુર સર્કસની વાત યાદ આવે છે. આ સર્કસના ચાર સિંહોનો ખેલ ખૂબ વખણાતો. સર્કસના આ સિંહો દર્શકોનાઆકર્ષણનું મૂખ્ય કેન્દ્ર રહેતા. સિંહોના ખેલના માલિકને ખૂબ નફો રળી આપતાં. સમય બદલાતો ગયો અને લોકો મનોરંજન માટે સર્કસના બદલે ફિલ્મો, નાટકો અને અન્ય બાબતોમાંથી મનોરંજન મેળવવા લાગ્યાં. પરિણામે આ રશિયન સર્કસમાં દિનપ્રતિદિન દર્શકો-લોકો ઘટવા લાગ્યા. સર્કસના કલાકારો અને જાનવરોની નિભાવણી માટે સર્કસના માલિકને પૈસાની તકલીફ પડવા લાગી. સર્કસના માલિક પાસે સિંહોને ભોજન આપવાના પૈસા નહોતાં. આર્થિક મુશ્કેલીને પરિણામે સર્કસના માલિકે નિર્ણય લીધો કે, મારે હવે આ ચાર સિંહને જંગલમાં છોડી દેવા જોઈએ. એક દિવસ સર્કસના માલિકે આ ચાર સિંહને વાનમાં બેસાડી જંગલમાં લઈ ગયો. ખૂબ ભારે હૃદયે આ ચારેય સિંહને એણે જંગલમાં છોડી મૂક્યા.

એકાદ સપ્તાહ પછી સર્કસના આ ચારેય સિંહોને જંગલમાં રખડતાં કૂતરાઓએ ફાડી ખાધાના સમાચાર આવ્યા. સર્કસના આ ચારેય સિંહો મહેનત-પરિશ્રમ વગર ખાવા ટેવાયેલા હતા. શિકારના સંઘર્ષ વગર મળી જતાં ભોજનને પરિણામે આ સિંહો સંઘર્ષ કરવાની ક્ષમતા ગુમાવી ચૂક્યા હતાં. અને બીજી બાજુ જીવનમાં ખોરાક માટે સતત સંઘર્ષ કરતાં કૂતરાઓ શિકાર કરવાનું હુનર શીખી ગયાં હતાં. સિંહ કે જે શિકાર કરવા ટેવાયેલો છે, એ સંઘર્ષના અભાવે કૂતરાઓનો શિકાર બની ગયો. આખી વાતના મૂળમાં સંઘર્ષની શક્તિ છે. આમ જોઈએ તો જીવન જ એક મજાનો સંઘર્ષ છે. નેપોલિયન બોનાપાટ સમરાંગણમાં હંમેશા એના સૈનિકોને સંઘર્ષની શક્તિનો પદાર્થપાઠ સમજાવતો. એ કહેતો કે, ખરી તાકાત અને સાચો વિકાસ સંઘર્ષ અને અવિરત પ્રયત્નોમાંથી જ પેદા થાય છે.

જ્યાં સંઘર્ષ નથી ત્યાં આનંદ નથી. સંઘર્ષથી થયેલા વિકાસનું પરિણામ એ પ્રાપ્તિ છે. સફળતા અને પ્રાપ્તિમાં ભેદ છે. પ્રાપ્તિનો થયેલો સ્વીકાર એ સફળતા છે. જ્યાં સંઘર્ષ હોય ત્યાં વિકાસના પરિણામ હોય. ત્યાં જ પ્રાપ્તિ હોય. અને જ્યાં પ્રાપ્તિ છે ત્યાં જ સાચી ખુશી છે. અંગ્રેજી આલ્ફાબેટમાં ‘ડી’ પછી ‘ઈ’ આવે છે. ત્રણ ‘ડી’ના પાયા ઉપર એક ‘ઈ’ની શાનદાર સવારી હોય છે. સ્વપ્નો સાકાર કરવા માટે ડીટરમિનેશન, ડેડિકેશન, ડિસીપ્લીનના ત્રણ ‘ડી’ ઉપર એફર્ટ(સંઘર્ષ)નો શાનદાર અને જાનદાર ‘ઈ’ આવે. ખૂબ સ્વપ્ન જોવા. ખુલ્લી આંખે સ્વપ્ન જોવા. પણ યાદ રહે સ્વપ્ન સાકાર કરવા માટે શક્તિ સંઘર્ષમાંથી જ જન્મ લેતી હોય છે. ખુશીના એક પ્રદેશમાંથી આનંદના વધુ મોટા બીજા પ્રદેશમાં પ્રવેશ કરવો હોય તો, પીડાદાયક સંઘર્ષના માર્ગે જ ચાલવાનું હોય છે. દુનિયાભરના સફળ થયેલા લોકોનો વિકાસ તેમના કાર્યો ઉપર આધારિત હોય છે. શારીરિક કે બૌદ્ધિક વિકાસ સંઘર્ષમાંથી જ પ્રગટે છે. સંઘર્ષ એટલે કાર્ય.


માણસની સૌથી મોટી વિડંબણા એ છે કે, તે હંમેશા સુખ અને સવલત ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. સંઘર્ષની સુવાસને ક્યારેય સમજતો નથી. વ્યક્તિ જ્યારે સંઘર્ષ ઉપર ‘ફોકસ’ કરે ત્યારે સંભાવનાઓ અને શક્યતાઓના સમંદરની લહેરો દેખાય છે. પ્રત્યેક વ્યક્તિનો સાચો સાથી એણે કરેલો સંઘર્ષ છે. એક ભાઈ ફરિયાદ કરતાં હંમેશા કહેતાં કે, ભગવાન મારી મુશ્કેલીઓ જોતો જ નથી. રોજ એક નવી સમસ્યા સવારના સુરજના પ્રથમ કિરણની સાથે મારા જીવનમાં પ્રવેશતી હોય છે. આ ભાઈને સંઘર્ષની શક્તિની સાચી સમજ નથી. ખરેખર તો ઈશ્વર આપણા સંઘર્ષને ખૂબ બારીકાઈથી જોતો હોય છે. સંઘર્ષ દરમિયાન આપણી ક્ષમતાવર્ધનની પ્રક્રિયાને એ ખૂબ નજીકથી પામતો હોય છે. ઈશ્વર સાથે સંવાદ કરતાં રહેવું જોઈએ. જેથી સંઘર્ષમાં એનું માર્ગદર્શન દેખાય, સંભળાય અને અનુભવાય. એક વાત સમજી લેવી જોઈએ કે, ભયાનક અને કદરૂપા દિવસને સૌંદર્યવાન અને આહલાદક બનાવવાની શક્તિ આપણા સંઘર્ષમાં સમાયેલી છે. સંઘર્ષમાંથી તપીને બહાર આવેલું સોનું વિકાસ માર્ગે જીવનની ગાડીને પૂરપાડ દોડાવે છે.

હમણા એક ભાઈએ બહુ સરસ વાત કરી કે, મે ઘણા પૈસા કમાઈ લીધા છે. હવે મારે મારા સીનિયર અધિકારીઓના હુકમો અને કડકાઈ સહન કરીને કે એમની સાથે સંઘર્ષમાં ઉતરવાની અને નોકરી કરવાની બિલકુલ જરૂર જ નથી. પણ મારે સતત ઘડાતા રહેવું છે. અપમાનોના રસ્તે સન્માન મેળવવું છે. મારે સંઘર્ષ કરતા રહીને સુવાસ મેળવવી છે એટલે નોકરી છોડવી નથી. જીવન ઘડાય છે સંઘર્ષના હથોડાના મારથી. વ્યક્તિએ સંઘર્ષ વખતે સતર્કતાથી સામી છાતીએ મુકાબલો કરવાનું શીખવાનું છે. સંઘર્ષ વખતે પીઠ બતાવીને પલાયનવાદ કરનારનું જીવન વરવું અને દયાજનક હોય છે. સાચી મઝા તો ત્યારે આવે કે જ્યારે સંઘર્ષ આપણા જીવનની પહેચાન બને. છોડ ઉપર ખીલતા પ્રત્યેક ફૂલના મૂળ ધુળમાં છે. ખૂબ જ મહેનત અને સંઘર્ષથી પ્રત્યેક કળી ખીલીને હસીન અને રંગીન ફૂલ બને છે. સુવાસ પ્રસરાવતા પહેલાં એણે જબરજસ્ત સંઘર્ષ ખેલીને ફૂલ બનવાનુ હોય છે. સંઘર્ષનું સન્માન થવું જોઈએ કારણ કે, તેમાંથી જ વિકાસની તાકાત સ્ફૂરવાની છે. સંઘર્ષ વગર મળેલી સવલતો સુખ નથી આપતી. સુખ તો સંઘર્ષના સાથીયામાંથી જ ટપકતુ ઐશ્વરીય અમૃત હોય છે.

**ધબકાર**

“સંઘર્ષ વિનાના હુંફાળા અને પ્રકાશિત માર્ગો ઉપર હંમેશા ચાલતા રહીશું તો ક્યારેય લક્ષ્ય સુધી પહોંચી નહીં શકાય.”

— પોલો કોહેલો



# એએફએસ દ્વારા નવ વર્ષને આવકાર



અમેરિકન ફિલ્ડ સર્વિસ (એએફએસ), ગાંધીનગર ચૅપ્ટર દ્વારા નૂતન વર્ષને આવકારવા ખાસ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચૅપ્ટરના સભ્યો ઉપરાંત ગાંધીનગરના યજમાન પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં અભ્યાસ કરી રહેલા ચાર વિદેશી વિદ્યાર્થીઓ આ પ્રસંગે સંપૂર્ણ ભારતીય પહેરવેશ સાથે ઉપસ્થિત રહ્યા હતા. નગરના યુવા કલાકાર નિવિદ દેસાઈએ ગીત ગાઈને સૌને આવકાર આપ્યો હતો. અનિષ મંકોડીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું જ્યારે કેવલ ગજ્જર અને જનક ગજ્જરે આભાર દર્શન કર્યું હતું.

# ઍસ જી અંગ્રેજી સ્કૂલ દ્વારા ટાઈમ મૅનેજમૅન્ટ કાર્યક્રમ



ઍસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ દ્વારા ‘ટાઈમ મૅનેજમૅન્ટ’ કાર્યક્રમનું સોમવારે આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૧થી ૮ ના દરેક વર્ગમાં ટાઈમ મૅનેજમૅન્ટ બાબતે શિક્ષકો દ્વારા ચર્ચા હાથ ધરાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓએ પણ પોતાની સક્રિય ભૂમિકા અદા કરી હતી અને પોતાના અનુભવો સૌની સમક્ષ વર્ણવ્યા હતા.